ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૪૨.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૨૬ ટકા

# પંચદેવ મંદિર સામેના દબાણો હટાવાયા

## દબાણકારોએ બાંધેલા પ્લાસ્ટીકના શેડ અને તાડપતરી તથા વાંસ સહિતનો મુદ્દામાલ જમા કર્યો

ગાંધીનગર, તા.૧૮

મનપાના દબાણ વિભાગે આજે શહેરના સેકટર-૨૧ પંચદેવ મંદિર સામેના દબાણો પર સપાટો બોલાવ્યો હતો અને અડ્ડો જમાવેલ સરકારી જમીન પરના દબાણ દૂર કરાવ્યા હતા. દબાણ ટીમે દબાણકારોએ બાંધેલા પ્લાસ્ટીકના શેડ અને તાડપતરી તથા વાંસ સહિતનો મુદ્દામાલ જમા કર્યો હતો.

ગાંધીનગરમાં દિવસેને દિવસે દબાણો બિલાડીના ટોપની જેમ ફુટી રહ્યા છે. દબાણકારો દરરોજ નવા નવા દબાણો ઉભા કરી રહ્યા છે. પરિણામે શહેરમાં દબાણનો રાફડો ફાટયો છે. દબાણકારો જાહેર માર્ગની આસપાસ દબાણો કરી ખુલ્લેઆમ દાદાગીરી પણ કરી રહ્યા છે. દબાણકારોની આ વૃત્તિને લઈ છેલ્લા ઘણા સમયથી દબાણ તંત્ર એકટીવ મોડમાં આવી ગયું છે. દરરોજ દબાણ વિભાગની ટીમો શહેરના વિવિધ વિસ્તારોમાં દબાણો દૂર કરાવે છે. આજે પણ મનપાના દબાણ તંત્રએ શહેરના પંચદેવ મંદિર સામે સેકટર-૨૧માં પ્રવેશવાના માર્ગની બંને તરફના દબાણો દૂર કરાવ્યા હતા. દબાણતંત્રની ટીમને જોતા જ દબાણકારો માલ સામાન સમેટી ભાગતા નજરે પડયા હતા. દબાણ ટીમે સંપૂર્ણ દબાણો દૂર કરી સંખ્યાબંધ પ્લાસ્ટીકના શેડ, તાડપત્રી, લાકડાના વાંસ સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.





ગાંધીનગર પાસેના ચાંદખેડા ખાતેની વિશ્વકર્મા સરકારી ઈજનેરી કોલેજને ગુજરાત હેકાથોન ૨૦૧૮ના ફાઈનલ રાઉન્ડમાં સૌથી વધુ ટીમ મોકલવા માટે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે એવોર્ડ આપી સન્માનવામાં આવી હતી. આ ઉપરાંત કોલેજને અમદાવાદ શહેર માટે સ્માર્ટ પાર્કિંગની સેવાઓ અને રોડની ગુણવત્તા માટેની મોબાઈલ એપ્લીકેશન તથા ઈજનેરી વિદ્યાશાખામાં પ્રવેશ માટેની એપ્લીકેશન વગેરે માટે પણ ત્રણ ઈનામ પ્રાપ્ત થયા છે.

# મહિનામાં બે વાર ઘરે જઈને વડીલોની આરોગ્યની ચકાસણી કરાશે

## ગાંધીનગર સિવિલમાં રૂ.૧ હજાર અને જરૂરી ઓળખકાર્ડ આપી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સરકાર દ્વારા વયસ્ક વ્યકિતની તબિબિ સેવા અર્થે મુલાકાત એ ખાસ નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સમાજના વૃધ્ધો અને વડિલોના આરોગ્યની ચિંતા કરીને બનાવવામાં આવી છે. આ યોજનાના પાયલોટ પ્રોજેકટ તરીકે ગાંધીનગર શહેરી વિસ્તારની પસંદગી કરવામાં આવી છે. ત્યારે છેલ્લા બે દિવસથી આ અંગે સિવિલ સુપ્રિટેન્ડન્ટ અને આરએમઓ સહિત અય અધિકારીઓ દ્વારા મહેનત કરવામાં આવી હતી. અને આ બાબતે ખાસ ફોર્મ તૈયાર કરવામાં આવ્યું છે. ત્યારે આવતીકાલ એટલે કે તા.૧૯ મે ને શનિવારના રોજ થી ગાંધીનગર સિવિલમાં જ આ ફોર્મ ભરવાની શરૂઆત કરવામાં આવશે. આ ફોર્મ ભરવા ઈચ્છુક વડીલોએ પોતાની ઉંમરનો દાખલો, ફોટો, ફોટો આળખકાર્ડ, ગાંધીનગર શહેરી વિસ્તારમાં રહેતા હોવાનો પુરાવો રજુ કરવાની સાથે રૂપીયા એક હજાર આપી રજીસ્ટ્રેશન કરાવી શકાશે. આ યોજના હેઠળ ડોકટર, સ્ટાફ, નર્સ અને એટેન્ડન્ટનીટીમ રજીસ્ટ્રેશન કરાવનાર વયસ્કો કે વડીલોના ઘરે જઈને દર ૧૫ દિવસે મુલાકાત લેશે. અને તેને જરૂર પ્રમાણે સારવાર કરશે. આ ટીમ પાસે જરુરી મેડીકલ સાધનો અને દવા સહિતનો સ્ટાફ પણ રહેશે. આ ઉપરાંત દર્દીને લુકલેટ આપીને તેમનો વિવિધ રોગ તથા બિમારીઓ અંગે માહિતગાર પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં આ પ્રોજેકટને સફળતા મળ્યા બાદ તબક્કાવાર સમગ્ર રાજયમાં અમલી બનાવવામાં આવશે.

## ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે નર્સિંગ ડેની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરની ચૌધરી ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગમાં બેઝીક બીએસસી નર્સિંગ તથા જીએનએમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં 'નર્સિંગ ડે'ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી તથા અન્ય ટ્રસ્ટીઓ જેસંગભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, મણીભાઈ ચૌધરી તેમજ કેમ્પસ ડાયરેકટર યશવંતભાઈ ચૌધરી સહિત આચાર્ય મયુક જૈન, ફેકલ્ટી મેમ્બર, નોન ફેકલ્ટી મેમ્બર વગેરેની ઉપસ્થિતિમાં કેક કાપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા આ પ્રસંગને અનુરુપ કાર્યક્રમો રજુ કરાયા હતા.

## સરગમ કલ્ચરલ ગ્રુપ દ્વારા કાઠીયાવાડી ડાયરો યોજાશે

ગાંધીનગર, તા. ૧૮

સુદર્શન ફાઉન્ડેશન સંચાલિત સરગમ કલ્ચરલ ગ્રુપ અને ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સંયુકત ઉપક્રમે કાઠીયાવાડી ડાયરાનું આયોજન તા. ૧૯ મે ને શનિવારના રોજ સેકટર-૧૨ આંબેડકર હોલ ખાતે રાત્રે ૯ કલાકે કરવામાં આવ્યું છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૩ એ ન્યું પ્લોટ નં-૩-૨ ખાતે રહેતા દિલિપભાઈ અમૃતલાલ શુકલ ઉ.વ. ૬૮ નું દુ:ખદ અવસાન થયેલ છે. સદ્ગતના કુટુંબીજન સમ્રાટ દિલિપભાઈની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું છે. આ કાર્યમાં તબિબિ સેવા ડો. મેઘા પટેલ અને જુસીકાના કાર્યકર રાજુ વાઘેલાએ સેવાપુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુ બેંક (સિવિલ હોસ્પિટલ)ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય દશરથ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## આવતીકાલે જિલ્લાના પાંચ વર્ષ સુધીના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવાશે

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર જિલ્લાના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનાઓમાં વિના મૂલ્યે સુવર્ણ પ્રાશનના ટીપા તા. ૨૦મી મે, ૨૦૧૮, રવિવારના રોજ સવારના ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક દરમિયાન પીવડાવવામાં આવનાર છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું છે કે, આયુર્વેદ શાસ્ત્રમાં બાળકોના સ્વાસ્થ્ય વધારવા માટે ઘણા ઉલ્લેખ છે. બાળકોનો જન્મ થાય ત્યાથી શું કરવું? કે જેથી તે હંમેશ માટે નિરોગી બની રહે તેનું વર્ણન આયુર્વેદના ગ્રંથોમાં છે. બાળકાના ઉત્તમ સ્વાસ્થ્ય તથા તંદુરસ્ત માટે આયુર્વેદમાં બ્રાહ્મિ, શંખપુષ્પી જેવા દિવ્ય મેઘાવર્ધક ઔષધો છે. જે બાળકને પુષ્ય નક્ષત્રમાં ચટાડવાના હોય છે. પુષ્ય નક્ષત્ર બધા નક્ષત્રમાં સૌથી બળવાન છે. આ નક્ષત્રમાં કરેલ કોઈ પણ કાર્યની અસર તેના પછીના પુષ્ય નક્ષત્ર સુધી રહે છે. આથી સુવર્ણપ્રાશન પુષ્ય નક્ષત્રમાં કરવામાં આવે છે. તેથી તે ઉત્તમ ફળદાયી સાબિત થાય છે.

આ માટેની ફુડ એન્ડ ડ્રગ કંટ્રોલ એડમીનીસ્ટ્રેટર, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત ઔષધ વિના મૂલ્યે વસુધૈવ કુટુમ્બકમ સંસ્થાએ ડાં. દવે સુવર્ણામૃત શીરપ નામથી પુરી પાડવામાં આવી છે. તા. ૨૦મી મે,૨૦૧૮ના રોજ ગાંધીનગર જિલ્લાના બાળકોને સુવર્ણ પ્રાશનના ટીંપા પીવડાવવામાં આવનાર છે. આ સુવર્ણ પ્રાશનના ટીપા ગાંધીનગર તાલુકાના પોર, જમીયતપુરા, સરઢવ, કુડાસણ, મગોડી, ટીંટોડા, દોલારાણા વાસણા, ડભોડા, અમીયાપુરા, ચિલોડા, સેકટર-૭, સેકટર- ૨૯ અને સીવીલ આયુર્વેદ તથા હોમિયોપેથી ઓ.પી.ડી ખાતે પીવડાવવામાં આવશે. તે ઉપરાંત માણસા તાલુકાના માણસા શહેર, રિદ્રોલ, પરબતપુરા અને ચરાડા ખાતે, કલોલ તાલુકામાં ઈસંડ, રામનગર, અલુવા અને કલોલ તથા દહેગામ તાલુકામાં રખિયાલ, પીપળજ, ખાનપુર, કડજોદરા ગામના આયુર્વેદ અને હોમિયોપેથી દવાખાનામાં સુવર્ણ પ્રાશનના ટીપા પીવડાવવામાં આવશે તે ઉપરાંત માણસા તાલુકાના ચરાડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર તથા દહેગામના રખિયાલ ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર પર આયુર્વેદ ઓપીડી શરૂ કરવામાં આવી છે ત્યાં પણ સુવર્ણપ્રાશન શરૂ કરવામાં આવ્યું છે.

## આજથી શિવરંજનીના 'સ્વરોત્સવ-૨૦૧૮'નો પ્રારંભ

ગાંધીનગર, તા.૧૮

વર્ષ ૧૯૭૨થી પ્રારંભ થયેલ શિવરંજની સંસ્થા દ્વારા તા. ૧૯ અને ૨૦મી મે દરમિયાન બે દિવસીય 'સ્વરોત્સવ-૨૦૧૮'નું આયોજન કરવામાં આવ્યું છે. સ્વરોત્સવ સેકટર-૧૭માં ટાઉનહોલ ખાતે દરરોજ રાત્રે ૯.૩૦ કલાકે યોજાશે.

સ્વરોત્સવ-૨૦૧૮માં તા. ૧૯મી મે શનિવારના રોજ 'સ્ત્રી સ્વરની સુરીલી સરગમ' કાર્યક્રમ યોજાશે જેમાં ગુજરાતી ગીત-ગઝલ-ગરબા અને લોકગીતોની રજુઆત જાણીતા કલાકારો કલ્યાણી કૌઠાળકર અને ગાર્ગી વોરા કરશે. બીજા દિવસે તા. ૨૦મી મે રવિવારના રોજ લોકડાયરામાં ગુજરાતી લોકસાહિત્યના મર્મી તથા વન મેન આર્મી ગણાતા સુવિખ્યાત ભીખુદાન ગઢવીનો 'લોકસાહિત્ય... સંગીતનો જલસો' રજૂ થશે. આ સાથે સંસ્થાનું સભ્યપદ શકય હોય તેટલા વહેલા રિન્યુ કરાવી લેવા તથા ગાંધીનગરના નાગરિકોને સભ્યપદ મેળવી લેવા સંસ્થા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કુડાસણ અને વાવોલમાં વીજ ધાંધિયાથી નાગરિકો હેરાન

## જીઈબી તંત્ર પ્રિ-મોન્સુનની કામગીરી કરી રહ્યું છે

ગાંધીનગર, તા.૧૮

ન્યુ ગાંધીનગરના કુડાસણ અને વાવોલ વિસ્તારમાં દિવસ તેમજ રાત્રીના સમયે લાંબા સમય માટે વીજળી જતી રહેતા કાળઝાળ ગરમીમાં નગરજનો હેરાન પરેશાન થઈ ગયા છે. અંગ દઝાડતી ગરમીમાં નાગરીકો ઘરમાંથી બહાર નીકળવાનું નામ લેતા નથી તે સમયે અચાનક લાઈટ જતી રહેતા ઘરમાં સુઈ રહેલા નાગરીકો અચાનક સફાળા જાગી જાય છે. લાઈટ વિના સમય પસાર કરવો મુશ્કેલીરૂપ સાબિત થાય છે. જયારે કેટલાક ઘરમાં વધુ પડતા એસી હોવા છતા લોડ વધાર્યો ના હોવાથી ટ્રીપ થવાના કિસ્સા બનતા હોય છે જેને પગલે આસપાસના રહીશોને પણ હેરાન થવાનો વારો આવે છે.

શહેરમાં દિવસો અને દિવસે ગરમીનો પારો ઉંચકાતો જાય છે. નાગરીકો પસીને રેબઝેબ થઈ જાય છે. આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. બપોર થતા જ માર્ગો પણ સુમસામ થઈ જાય છે. તેવી સ્થિતિમાં નાગરીકો ઘરમાં કે ઓફીસમાં એસી, પંખા, એરકુલર



કરીને ઠંડા પીણાં પીને ગરમીથી રાહત મેળવતા હોય છે. ત્યારે વાવોલ અને કુડાસણ વિસ્તારમાં ગમે ત્યારે વીજળી ખોરવાઈ જવાના કિસ્સા બને છે. જેને પગલે સ્થાનિક રહીશો ત્રાહીમામ પોંકારી ગયા છે. નાના બાળકો તેમજ વૃધ્ધો અને દર્દીઓની હાલત કફોડી બની જવા પામે છે. કુડાસણ અને વાવોલમાં રહેતા હજ્જારો પરિવારો વારંવાર આવન જાવન કરતી લાઈટથી હેરાન થઈ ગયા છે. ત્યારે આ અંગે જીઈબીના અધિકારી સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે હાલના સમયે જીઈબી તંત્ર દ્વારા પ્રિ-મોન્સુનની કામગીરી ચાલી રહી છે જેને પગલે સવારે ૭ થી ૧૨ વાગ્યા સુધી લાઈટ બંધ રાખવામાં આવે છે ત્યારબાદ લાઈટનો પુરવઠો કાર્યરત કરી દેવાય છે. જે સાઈડનો વિજપુરવઠો બંધ કરવામાં આવે છે ત્યાં અગાઉ જાણ પણ કરવામાં આવે છે. તંત્ર દ્વારા જમ્પર, ડીપીના બોકસની મરામત, ચોમાસાનું પાણી અંદર ના જાય તે માટે બોક્સ રીપેરીંગ, વિજપોલને નડતી વૃક્ષની ડાળી દુર કરાય છે. તેમ છતા ગરમીથી હેરાન નાગરીકો કહી રહ્યા છે કે જીઈબી તંત્રને પણ આ જ સમયે પ્રિ-મોન્સુન કામગીરી કરવાનો સમય મળ્યો..

## @ગાંધીનગર

● હેપ્પી યુથ કલબ, કડવા પાટીદાર સમાજ અને રાજસ્થાન હોસ્પિટલના સંયુકત ઉપક્રમે હેલ્થ ચેકઅપ કેમ્પ સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન ઉમિયા સેવા સમાજ સે-૧૨ ખાતે યોજાશે.

● સરગમ કલ્ચરલ ગૃપ તથા સંગીત નાટક અકાદમી દ્વારા કાઠીયાવાડી ડાયરો રાત્રે ૯ કલાકે આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● ઉષાબેન જયંતિલાલ મકવાણાના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૫૯ આદર્શનગર પીળો પટ્ટો, સે-૨૪ ખાતે સુંદરકાંડ પાઠ રાત્રે ૮.૩૦ કલાકે યોજાશે.

## વાતવાતમાં

● ગાંધીનગરની એસબીઆઈ બેંકની મુખ્ય શાખાના પાર્કિંગમાંથી એક પોલીસ કર્મચારીની કાર પાર્ક કરાયાની માત્ર ૧૫ મિનિટમાં કોઈ ગઠિયા દ્વારા કારના દરવાજાને પટ્ટી વડે ખોલી કારમાંથી પેન ડ્રાઈવ ઉપરાંત બોનેટમાંથી બેટરીની ઉઠાંતરી કરવામાં આવી છે. આશ્ચર્યની વાત તો એ છે કે બરાબર આ સમયે બેંક સામેના મુખ્ય માર્ગ પરથી મુખ્યમંત્રીનો કાફલો મહાત્મા મંદિર જવાનો હોવાથી અહીં બંદોબસ્ત ગોઠવાયેલો હતો પરંતુ બંદોબસ્તમાં મુકેલી પોલીસને પણ બાજુમાં શું થઈ રહ્યું છે તેની ખબર પડી નહોતી.

● મહાત્મા મંદિરમાં પ્રારંભ થયેલા એટોમોબાઈલ ક્ષેત્રના બે દિવસીય એકિઝબીશનમાં દેશભરમાંથી અગ્રણી બીઝનેસમેન પધાર્યા છે જેમાં મુખ્યમંત્રીએ હાજરી આપી હતી. ઉદઘાટન સમારંભ બાદ એકિઝબીશનની આયોજક સંસ્થા 'એકમા'ના સેક્રેટરી વિનય મહેતાએ મુખ્યમંત્રીને પ્રદર્શન જોવા લઈ જવા માટેની ઈલેકટ્રીક વ્હીકલ જાતે ચલાવી હતી.

## ચિરવિદાય

- સ્વ. શકરીબેન ચંદુજી ખાંટ, ઉ.વ. ૫૫
- સ્વ. પરમાર હરેશજી શંકરજી, ઉ.વ. ૪૦
- સ્વ. પૂંજીબેન લક્ષ્મણજી સોલંકી, ઉ.વ. ૬૨

# પોલીસે સાદરાથી દારૂ ભરેલી કારનો ફિલ્મી ઢબે પીછો કર્યોને લેકાવાડાથી પકડાઈ

## એલસીબી અને ચિલોડા પોલીસે સંયુકત ઓપરેશન પાર પાડી રૂ. ૨.૨૭ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સને દબોચી લીધો

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગર એલસીબીની ટીમે ચોકકસ બાતમી આધારે સાદરા પાસે એક ઈન્ડીગો કારની વૉચ ગોઠવી હતી. દારૂની હેરાફેરી કરતી આ કાર સાદરાથી નીકળી અને પોલીસે તેને ઉભી રાખવા ઈશારો કર્યો તો ભગાવી મુકી હતી. ફીલ્મી ઢબે આ કારનો પીછો કરી ચિલોડા પોલીસની મદદ લઈ લેકાવાડા પાસે આડશ મુકાવી કારને પકડી પાડી હતી. રૂ. ૨.૨૭ લાખના મુદ્દામાલ સાથે એક શખ્સની ધરપકડ કરી દારૂનો જથ્થો કયાં લઈ જવાતો હતો અને કયાંથી માલ ભર્યો હતો તે સહિતની ઉંડી પુછપરછ શરુ કરવામાં આવી છે.

જિલ્લા પોલિસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી જિલ્લામાં ચાલી રહેલી સ્પેશ્યલ પ્રોહીબીશન ડ્રાઈવ અંતર્ગત એલસીબીની ટીમો તે દિશામાં સક્રિય છે. એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિત અને તરલ ભટ્ટની ટીમે ગઈ મોડી રાત્રે ચોકકસ બાતમી આધારે સાદરા પાસે વૉચ ગોઠવી હતી. હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ અને કોન્સ્ટેબલ જયપાલસિંહને બાતમી મળી હતી કે સાબરકાંઠા જિલ્લાના શીતવાડા ગામ તરફથી એક ઈન્ડીગો કાર






નં. જીજે ૦૧ ડીઝેડ ૮૨૪૪ નીકળી છે જેમાં દારૂ-બિયર ભર્યો છે અને સાદરા તરફથી પસાર થનાર છે. જે આધારે સાદરા ટીબી હોસ્પિટલ પાસે વૉચ ગોઠવી દીધી હતી. બાતમીવાળી કાર પસાર થતા તેને ઉભી રાખવા ઈશારો કર્યો પરંતુ કાર ચાલકે સ્પીડ વધારી કાર ભગાડી મુકી હતી. ખાનગી કારમાં એલસીબીની ટીમે તેનો ફલ્મી ઢબે પીછો કર્યો હતો. સાદરા થઈ દોલારાણા વાસણાથી દશેલા-લેકાવાડા તરફના કાચા રસ્તા તરફ ભાગેલી આ કાર પકડવા ચિલોડા પોલીસને લેકાવાડા પાટીયા દોડાવી આડશ મુકાવી દીધી હતી અને ત્યાંથી આ કાર સાથે કુબેરનગરના નરેશ વિક્રમદાસ જેઠવાણીને પકડી પાડયો હતો. કારમાંથી ૫૯ નંગ વિદેશી દારૂની બોટલો અને ૧૧૮ નંગ બિયરના ટીનનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૨,૨૭,૫૨૫નો મુદ્દામાલ જપ્ત કરી એકની ધરપકડ કરી સઘન પુછપરછ આરંભી છે.

# એક કારમાંથી બીજા કારમાં થતા દારૂના કટીંગ વખતે જ પોલીસ ત્રાટકી

## રૂ. ૪.૬૯ લાખના મુદ્દામાલ સાથે પાંચને પકડયા : એક ફરાર





રખિયાલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.બી. દેસાઈની બાતમી આધારે તેમની ટીમે રખિયાલ-દહેગામ રોડ ઉપર ઉમિયા કોલ્ડ સ્ટોરેજ પાસે દરોડો પાડી એક કારમાંથી બીજા કારમાં થતા વિદેશી દારૂના કટીંગને પકડયું હતું. ઉદેપુરના મંગલ દિનેશ વિશિષ્ટ, હાટકેશ્વરના રાજ અનિલ સોની, વટવાના સ્વપ્રેશ ઉર્ફે બાબા શાંતિ માંડલીયા, અમરાઈવાડીના હરપાલ ઉર્ફે હરી મનોહર શેખાવત અને ઉદેપુરના મનિષ કૈલાશ મીણા મળી પાંચ શખ્સોને રૂ. ૪,૬૯,૬૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયા હતા. જયારે ઉદેપુરનો કનૈયા ઉર્ફે કનુ શર્મા ફરાર છે. રખિયાલ પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી ઉંડી પુછપરછ શરુ કરી છે.

# જિલ્લામાં દેશી દારૂના ચાર અડ્ડાઓ પર એલસીબીના દરોડા

## માણસા, ભાટ અને ઈન્દ્રોડામાં દરોડા પાડી ૫૭ લીટર દેશી દારૂ પકડયો : સ્કુટર સહીત રૂ. ૪૨,૭૪૦નો મુદ્દામાલ જપ્ત






એલસીબીની વિવિધ ટીમોએ દેશી-વિદેશી દારૂ પકડવા બાતમીદારો સક્રિય કર્યા છે. ઈન્દ્રોડા ગામે મહિલા બુટલેગર કિરણ લાલસિંહ ગોહિલ અને જશી નટવરસિંહ ગોહિલને ત્યાં દરોડા પાડી ૪૩ લીટર દેશી દારૂ તથા ૮૦૦ લીટર વૉશ પકડયો હતો. રૂ. ૨૪૬૦નો દારૂ જપ્ત કરી દારૂ ગાળવા વપરાતા વૉશના જથ્થાનો નાશ કરી બંને મહિલા બુટલેગરો સામે કાયેદસરની કાર્યવાહી હાથ ધરી છે તે ઉપરાંત ભાટ ગામે સવિતા માનસંગ ઠાકોરને ત્યાં દરોડો પાડી તેના અડ્ડા પરથી ૪ લીટર દેશી દારૂ કબ્જે કર્યો છે.

આ ઉપરાંત એલસીબીની એક ટીમ માણસા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે બાતમી આધારે માણસા નગરપાલિકા પાસે વૉચ ગોઠવી જીજે ૧૮ સી આર ૪૦૧૦ નંબરના એવીએટર સ્કુટરમાં દેશી દારૂની હેરાફેરી કરતા કાળા લક્ષ્મણ ઠાકોરની ધરપકડ કરી લીધી હતી. ૧૦ લીટર દેશી દારૂ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.